**ક્રાંતિગુરૂ શ્યામજી કૃષ્ણવર્મા**

# કચ્છ યુનિવર્સિટી

**યુનિવર્સિટી કેમ્પસ, મુન્દ્રા રોડ,** **ફોન (૦૨૮૩૨) ૨૩૫૦૦૨**
**ભૂજ–કચ્છ – ૩૭૦૦૦૧**
**Email:- registrar.kskvku@gmail.com** **web:kskvku.digitaluniversity.ac**

---

રેફ.નં.: કયુ/ ઈ.સી.–મિનીટ્સ/ ૨૦૨૪/૦૦૪ તાઃ–૦૧/૦૧/૨૦૨૪

પ્રતિશ્રી,
તમામ એકિઝકયુટીવ કાઉન્સિલના સભ્યશ્રીઓ,
કચ્છ યુનિવર્સિટી, ભૂજ–કચ્છ.

**વિષય :–** એકિઝકયુટીવ કાઉન્સિલની તા.૩૦/૧૨/૨૦૨૩ ના રોજ મળેલ મિટીગની મીનીટ્સ નોંધ મોકલવા બાબત.

માનનીયશ્રી,

સવિનય ઉપરોકત વિષયે જણાવવાનું કે, એકિઝકયુટીવ કાઉન્સિલની માનનીય કુલપતિશ્રીના અઘ્યક્ષ સ્થાને તા.૩૦/૧૨/૨૦૨૩ શનીવારના રોજ ૦૪:૦૦ કલાકે યુનિવર્સિટી કાર્યાલય ખાતે મળેલ મિટીગનું કોરામ પૂર્ણ ન થવાના કારણે તે મિટીગ નોન કોરમના નિયમઅનુસાર ૦૪:૪૦ કલાકે મળેલ. ૦૪:૪૦ કલાકે મળેલ મિટીગની મીનીટ્સ નોંધ આ સાથે સામેલ રાખી મોકલી આપવામાં આવે છે. જે આપના ઘ્યાને લેવા વિનંતી.

આભાર સહ

**કુલસચિવ**

બિડાણ :– તા.૩૦/૧૨/૨૦૨૩ના રોજ મળેલ મિટીગની મીનીટ્સ નોંધ

નકલ રવાના જાણ અર્થેઃ–
૧. માનનીય કુલપતિશ્રીના કાર્યાલય તરફ

નકલ રવાના :–
૧. કુલસચિવશ્રીના કાર્યાલય તરફ
૨. સંબંધિત વિભાગો તરફ યોગ્ય કાર્યવાહિ અર્થે.
૩. સંબંધિત ફાઈલે.

**ક્રાંતિગુરૂ શ્યામજી કૃષ્ણવર્મા**

# કચ્છ યુનિવર્સિટી

તા.૩૦/૧૨/૨૦૨૩ શનીવારના રોજ ૦૪:૦૦ કલાકે યુનિવર્સિટી કાર્યાલય ખાતે મળેલ મિટીગનું કોરામ પૂર્ણ ન થવાના કારણે તે મિટીગ નોન કોરમના નિયમઅનુસાર ૦૪:૪૦ કલાકે મળેલ. ૦૪:૪૦ કલાકે મળેલ મિટીગની મિનીટ્સ નોંધ

આજ રોજ તા.૩૦/૧૨/૨૦૨૩ બપોરે ૦૪:૪૦ કલાકે યુનિવર્સિટી કાર્યાલય ખાતે માનનીય કા.કુલપતિશ્રીની અધ્યક્ષતામાં એક્ઝિક્યુટીવ કાઉન્સિલની મિટીગ મળેલ જેમાં નીચે મુજબના સભ્યશ્રીઓ હાજર રહેલ હતા.

| ક્રમ | સભ્યશ્રીનું નામ | હોદ્દો | હાજર/ ગેર હાજર |
|---|---|---|---|
| ૧. | પ્રો.(ડૉ) ડી.એમ. બકરાણીયા<br>માનનીય કા.કુલપતિશ્રી<br>કચ્છ યુનિવર્સિટી, ભૂજ. | અધ્યક્ષશ્રી | હાજર |
| ૨. | ડાયરેકટર ઓફ હાયર એજયુકેશન<br>ગુજરાત રાજય, ગાંધીનગર | સભ્યશ્રી | ગેર હાજર |
| ૩. | ડાયરેકટર ઓફ ટેકનિકલ એજયુકેશન<br>ગુજરાત રાજય, ગાંધીનગર | સભ્યશ્રી | ગેર હાજર |
| ૪. | ડાયરેકટર ઓફ હેલ્થ એન્ડ મેડિકલ સર્વિસીસ<br>એન્ડ મેડિકલ એજયુકેશન<br>ગુજરાત રાજય, ગાંધીનગર | સભ્યશ્રી | ગેર હાજર |
| ૫. | પ્રો.(ડૉ) પી. એસ. હિરાણી<br>ડીનશ્રી, ફેકલ્ટી ઓફ કોમર્સ એન્ડ મેનેજમેન્ટ<br>કચ્છ યુનિવર્સિટી, ભૂજ. | સભ્યશ્રી | ગેર હાજર |
| ૬. | **ખાલી**<br>ડીનશ્રી, .............<br>કચ્છ યુનિવર્સિટી, ભૂજ. | સભ્યશ્રી | – |
| ૭. | ડૉ. સી. એસ. ઝાલા<br>આચાર્યશ્રી,<br>આર. આર. લાલન કોલેજ,ભૂજ | સભ્યશ્રી | હાજર |
| ૮. | ડૉ. પરેશ રાવલ<br>આચાર્યશ્રી,<br>સરકારી આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ,રાપર | સભ્યશ્રી | હાજર |

| | | | |
|---|---|---|---|
| ૯. | પ્રો.(ડૉ) દર્શનાબેન ધોળકિયા<br>પ્રોફેસર, ગુજરાતી વિભાગ<br>કચ્છ યુનિવર્સિટી, ભૂજ. | સભ્યશ્રી | હાજર |
| ૧૦. | ડૉ. કાશ્મીરાબેન મહેતા<br>એસોસીયેટ પ્રોફેસર, અંગ્રેજી વિભાગ<br>કચ્છ યુનિવર્સિટી, ભૂજ. | સભ્યશ્રી | ગેર હાજર |
| ૧૧. | **ખાલી**<br>માનનીય કુલાધિપતિશ્રીના પ્રતિનિધિ<br>ગુજરાત રાજય, ગાંધીનગર | સભ્યશ્રી | – |
| ૧૨. | **ખાલી**<br>માનનીય કુલાધિપતિશ્રીના પ્રતિનિધિ<br>ગુજરાત રાજય, ગાંધીનગર | સભ્યશ્રી | – |
| ૧૩. | ડૉ. જી. એમ. બુટાણી<br>કુલસચિવશ્રી,<br>કચ્છ યુનિવર્સિટી, ભૂજ. | મેમ્બર સેક્રેટરી | હાજર |

**કાર્યસૂચી :–**

૧. ગત એક્ઝિક્યુટીવ કાઉન્સિલની તા.૦૨/૦૯/૨૦૨૩ ના રોજ મળેલ મિટીગની મિનિટ્સ બહાલ રાખવા બાબત.

ઠરાવ:૧ **એક્ઝિક્યુટીવ કાઉન્સિલની તા.૦૨/૦૯/૨૦૨૩ ના રોજ મળેલ મિટીગની મિનિટ્સ બહાલ રાખવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવે છે.**

૨. ગત એકેડેમિક કાઉન્સિલની તા.૦૭/૧૧/૨૦૨૩ ના રોજ મળેલ મિટીગની મિનિટ્સ બહાલ રાખવા બાબત.

ઠરાવ:૨ **એકેડેમિક કાઉન્સિલની તા.૦૭/૧૧/૨૦૨૩ ના રોજ મળેલ મિટીગની મિનિટ્સ બહાલ રાખવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવે છે.**

૩. બી.યુ.ટી.આર.ની તા.૦૯/૧૦/૨૦૨૩ ના રોજ મળેલ મિટીગની મિનિટ્સ બહાલ રાખવા બાબત.

ઠરાવ:૩ **બી.યુ.ટી.આર.ની તા.૦૯/૧૦/૨૦૨૩ ના રોજ મળેલ મિટીગની મિનિટ્સ બહાલ રાખવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવે છે.**

૪. નાણાં–ખરિદ બાંધકામ સમિતિ તા.૦૩/૧૧/૨૦૨૩ તથા બાંધકામ સમિતિની તા.૧૯/૦૮/૨૦૨૩ના રોજ મળેલ મિટીગની મિનિટ્સ બહાલ રાખવા બાબત.

ઠરાવ:૪ **નાણાં–ખરિદ બાંધકામ સમિતિ તા.૦૩/૧૧/૨૦૨૩ તથા બાંધકામ સમિતિની તા.૧૯/૦૮/૨૦૨૩ના રોજ મળેલ મિટીગની મિનિટ્સ બહાલ રાખવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવે છે.**

૫. યુનિવર્સિટીમાં ફરજ બજાવી ગયેલ પાંચ શૈક્ષણિક કર્મચારીઓની ગ્રેજયુટીની રકમ મેળવવા બાબતની અરજી અત્રેને મળેલ છે જે બાબતે ચર્ચા–વિચારણા..

**ઠરાવ:૫ યુનિવર્સિટીમાં ફરજ બજાવી ગયેલ કર્મચારીઓને સરકારશ્રીના વખતો વખતના પરિપત્રો જોગવાઈઓ મુજબ ગ્રેજયુટી ચૂકવણી અંગેની કાર્યવાહી કરવાનું આથી સર્વાનુમતે ઠરાવવામાં આવે છે.**

૬. ઈ.પી.એફ.ના લેઈટ પેમેન્ટના ચાર્જીસ પેટે ઈ.પી.એફ. કચેરી, રાજકોટ મારફતે વર્ષ ૨૦૦૬ થી વર્ષ ૨૦૨૩ લેઈટ ભરપાઈ થયેલ ઈ.પી.એફ.ની રકમ પર 14B-7Q DAMAGES તરીકે રૂ. ૪,૧૬,૫૮૮ ની રકમ ભરપાઈ કરવા અંગેનો સમન્સ યુનિવર્સિટીને મળેલ. તાત્કાલિક પેમેન્ટ કરવાનું હોવાથી એકિઝકયુટીવ કાઉન્સિલના સભ્યશ્રીઓની ટેલિફોનીક મંજૂરી મેળવી ઉકત રકમ રૂ. ૪,૧૬,૫૮૮/–નું ચૂકવણું કરેલ જે બહાલ રાખવા બાબત.

**ઠરાવ: ૬ ઈ.પી.એફ.ના ઉકત રકમ રૂ. ૪,૧૬,૫૮૮/– ના ચૂકવણાને સર્વાનુમતે બહાલ રાખવાનું ઠરાવવામાં આવે છે.**

૭. સરકારશ્રી દ્વારા ચાલુ નાણાંકિય વર્ષના બજેટમાં કચ્છ યુનિવર્સિટી માટે જુદી –જુદી બિન શૈક્ષણિક જગ્યાઓ મંજૂર કરવામાં આવેલ છે. બિન શૈક્ષણિક જગ્યાઓની ભરતી પ્રક્રિયા માટે નિમણૂંકના નિયમો નકકી કરવા અથવા જે છે તેમાં સુધારા/વધારા કરવા હાઈ પાવર કમિટિની રચના કરવામાં આવેલ. આ હાઈપાવર કમિટિ દ્વારા તૈયાર કરવામાં આવેલ બિન શૈક્ષણિક જગ્યાઓની નિમણૂંકના નિયમો (R.R) આ સાથે સામેલ રાખેલ છે. નિમણૂંકના નિયમો બહાલી અને મંજૂરી અર્થે તથા ભરતી પ્રક્રિયાની આગળની કાર્યવાહિ હાથ ધરવાની મંજૂરી બાબતે.

**ઠરાવ:૭ ઉપરોક્ત નિમણૂંકના નિયમોને તથા ભરતી પ્રક્રિયાની આગળની કાર્યવાહિ હાથ ધરવાની બહાલી આપવામાં આવે છે તેમજ વય મર્યાદા બાબતે વધુ સ્પષ્ટતા કરતા ઉમેરવામાં આવે છે કે, અત્રેની યુનિવર્સિટીમાં આજની તા.૩૦/૧૨/૨૦૨૩ સુધીમાં ફરજ બજાવતા કર્મચારીઓને વય મર્યાદા લાગુ પડશે નહિ તેવી ભલામણ કરે છે. જે સરકારશ્રીની મંજૂરી અર્થે મોકલી આપવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવે છે.**

૮. ૧૧ માસના કારાર આધારિત આઉટ સોર્સિંગથી નિમણૂંક પામેલ કર્મચારીઓને ૧૧ માસ પૂર્ણ થતાં છૂટા કરવા બાબતે ચર્ચા–વિચારણા.

**ઠરાવ:૮ નિયમોનુસારની કાર્યવાહિ કરવા કુલસચિવશ્રીને સત્તા આપવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવે છે.**

૯. યુનિવર્સિટીની ચાર ગાડીઓ કંડમ કરવા સરકારશ્રીના સંબંધિત વિભાગની અપસેટ પ્રાઈઝ નકકી કર્યા બાદ મંજૂરી મળતા તે અનુસાર પ્રક્રિયા હાથ ધરેલ પરંતુ ત્રણ પ્રયત્ન બાદ પણ કોઈ જ પાર્ટીના ટેન્ડર મળેલ નથી. તો આ બાબતે ગુજરાત સરકાર, બંદર અને વાહન વ્યવહાર વિભાગ, ગાંધીનગરના ઠરાવ ક્રમાંક: જીટીએસ– ૧૦૨૦૦૧– ૩૦૨૬–પાર્ટ–ધ તા. ૬/૫/૨૦૧૦ ના સુધારા ઠરાવથી બહાર પાડવામાં આવેલ સરકારી વાહનોને રદબાતલ–નિકાલ કરવાના સુધારા નિયમ અનુસાર અપસેટ પ્રાઈઝની રકમ રૂ.૨,૫૨,૦૦૦/– માં ૨૫% ઘટાડી આગળની કાર્યવાહિ કરવા બાબતે ચર્ચા–વિચારણા.

**ઠરાવ: ૯** **સરકારશ્રીના વખતો વખતના પરિપત્રો અનુંસારની કાર્યવાહી કરવાનું આથી સર્વાનુમતે ઠરાવવામાં આવે છે.**

૧૦. પરીક્ષા વિભાગની તા.૧૨/૦૯/૨૦૨૩ના પત્રથી મળેલ રજૂઆત

(કોપી કેશની સજાના નિયમોની સમીક્ષા અને જરૂર જણાય ત્યાં સુધારા–વધારા, રેમ્યુનરેશન પરિપત્રની સમીક્ષા)

**ઠરાવ:૧૦** **મુદ્દા નં. ૧૦ માટે નીચે મુજબની સમિતિની રચના કરવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવે છે.**

**૧. ડૉ. સી.એસ. ઝાલા – અધ્યક્ષશ્રી**

**૨. ડૉ. મનીષ પંડયા – સભ્યશ્રી**

**૩. ડૉ. એસ.વી. ફફલ – સભ્યશ્રી**

**૪. ડૉ. શીતલ બાટી – સભ્યશ્રી**

**૫. ડૉ. તેજલકુમાર શેઠ – મેમ્બર સેક્રેટરી**

૧૧. પરીક્ષા વિભાગની તા.૧૨/૦૯/૨૦૨૩ના પત્રથી મળેલ રજૂઆત

(પરીક્ષા ભથ્થા બાબતે સમીક્ષા)

**ઠરાવ:૧૧** **અગાઉ તા. ૧૨/૦૬/૨૦૨૩ ની એક્ઝિક્યુટીવ કાઉનિસલના ઠરાવ નં. ૨૧ માં સુધારો કરતાં માનનીય પરીક્ષા નિયામકશ્રીના તા.૨૮/૦૬/૨૦૨૩ વાળી કર્મચારીની યાદી મુજબ પરીક્ષાની ગોપનિય કામગીરી બાબતે પરીક્ષા ભથ્થુ ઉપર્યુક્ત ઠરાવ મુજબ ચૂકવવાનું આથી સર્વાનુમતે ઠરાવવામાં આવે છે. તે અંગેની SOP પરીક્ષા નિયામકશ્રીએ તાત્કાલિક તૈયાર કરી તેનું અમલીકરણ કરવાનું રહેશે.**

૧૨. કેરીયર એડવાન્સમેન્ટ સ્કિમ(સી.એ.એસ.) માટે માનનીય કુલપતિશ્રી દ્વારા નિમવામાં આવેલ કમિટિએ રજૂ કરેલ અહેવાલ બાબતે . (બંધ કવરમાં)

**ઠરાવ:૧૨** **કમિટિએ રજૂ કરેલ અહેવાલ અનુસારાના નીચેની યાદી મુજબના અધ્યાપકશ્રીઓના કેરીયર એડવાન્સમેન્ટ સ્કિમ(સી.એ.એસ.) સર્વાનુમતે મંજૂર કરવામાં આવે છે. જયારે અન્ય અધ્યાપકશ્રીઓની સી.એ.એસ.ની પ્રક્રિયા તાત્કાલિક પૂર્ણ કરવાનું આથી સર્વાનુમતે ઠરાવવામાં આવે છે.**

| Sr. No. | Name | Department | Stage |
|---|---|---|---|
| 1 | Dr. Kanishk Shah | Commerce & Management | Stage 2 to 3 |
| 2 | Dr. Shital Bati | Commerce & Management | Stage 2 to 3 |
| 3 | Dr. Milind Solanki | English | Stage 1 to 2 |
| 4 | Dr. Gaurav Chauchan | Earth & Env. Science | Stage 1 to 2 |
| 5 | Dr. Seema Sharma | Earth & Env. Science | Stage 1 to 2 |
| 6 | Dr. Jaydevsinh Rayjada | Sociology | Stage 1 to 2 |
| 7 | Dr. Chirag Patel | Chemistry | Stage 1 to 2 |
| 8 | Dr. Kaushik Dalvi | Commerce & Management | Stage 1 to 2 |

૧૩. અધ્યક્ષ સ્થાનેથી અન્ય મુદ્દા રજૂ થાય તે.

૧: બી.યુ.ટી.આર.ની તા. ૯/૧૦/૨૦૨૩ના ઠરાવ નં. ૦૪ ની સ્પષ્ટતા બાબત

ઠરાવ:૧૩ **બી.યુ.ટી.આર.ની તા. ૯/૧૦/૨૦૨૩ના ઠરાવ નં. ૦૪ બાબતે સ્પષ્ટ કરવાનું કે, ૨૦૨૨ની માર્ગદર્શિકા મુજબ GDPI -> RDC -> REGISTRATION -> COURSEWORK એમ ક્રમશઃ પ્રક્રિયા હાથ ધરવાની થાય છે. આ પ્રક્રિયા નિયત સમય મર્યાદામાં પૂર્ણ કરવાની રહેશે.**

**પ્રથમ તબ્બકો– ઉપરોક્ત ઠરાવમાં વિદ્યાર્થીઓની ફાળવણી બાબતે વધુ સ્પષ્ટતા કરતા ઉમેરવામાં આવે છે, બી.યુ.ટી.આર.ની તા. ૧૫/૦૭/૨૦૨૩ના મિનીટ્સના ઠરાવ નં.૨ના મુદ્દા નં.૧ મુજબની કાર્યવાહી પૂર્ણ કરવી.**

**દ્વિતીય તબ્બકો– બી.યુ.ટી.આર.ની તા. ૯/૧૦/૨૦૨૩ના ઠરાવ નં. ૦૪ ની બાબતમાં વધુ સ્પષ્ટતા કરતા તા.૧૫/૦૭/૨૦૨૩ના મિનીટ્સના ઠરાવ નં.૨ના મુદા નં. ૨ મુજબ નિયમોનુસારની પ્રક્રિયા પૂર્ણ કરી તાત્કાલિક ધોરણે વિદ્યાર્થીઓની ફાળવણી કરવી.**

૨. કચ્છ યુનિવર્સિટીને EDN-30 નવા બાંધકામ માટેની યોજના અન્વયે શિક્ષણ વિભાગ દ્વારા ૨૦૨૩–૨૪માં મંજૂર થયેલ બજેટ અનુસાર કામોની આગળની કાર્યવાહિ બાબતે

ઠરાવ:૧૪ **નીચેના કોષ્ટક અનુસારની કામગીરી સરકારશ્રીના વખતો વખતના નિયમોનુસાર આગળની કાર્યવાહિ હાથ ધરવા સર્વાનુમતે ઠરાવવામાં આવે છે.**

| ક્રમ | કામનું નામ/ વિગત | મંજૂરીનું વર્ષ | મંજૂર બજેટ (લાખ) | પ્રથમ હપ્તામાં ફાળવેલ રકમ |
|---|---|---|---|---|
| ૧ | યુનિવર્સિટી કેમ્પસની આજુ–બાજુની બાઉન્ડ્રી વોલ | ૨૦૨૩–૨૪ | ૧૭૫ લાખ | ૫૨.૫૦ લાખ |
| ૨ | રમતોના વિવિધ (આઉટ ડોર) મેદાનોના વિકાસ અને રમત ગમતના સાધનોની ખરિદી | ૨૦૨૩–૨૪ | ૩૦૦ લાખ | ૯૦ લાખ |
| ૩ | ફર્નિચર, ફિક્ષ્ચર અને અન્ય સુવિધા પૂરી પાડવા બાબત | ૨૦૨૩–૨૪ | ૧૫૦ લાખ | ૪૫ લાખ |
| ૪ | ગર્લ્સ–બોયઝ માટે નવા હોસ્ટેલ બીલ્ડીગો બનાવવાની કામગીરી | ૨૦૨૩–૨૪ | ૬૦૦ લાખ | ૧૮૦ લાખ |
| કુલ | | | ૧૨૨૫ લાખ | ૩૬૭. ૫૦ લાખ |

૩. ડૉ. કે.એમ. ત્રિવેદીની તા.૦૮/૧૧/૨૦૨૩ની અરજી

ઠરાવ:૧૫ **ડૉ. કે.એમ. ત્રિવેદીની ઉપરોક્ત અરજી અનુસાર જુથ વિમાની કામગીરીમાંથી મુક્તિની માંગણી ગ્રાહય રાખવામાં આવે છે. આ કામગીરી નવા શૈક્ષણિક સત્રથી અન્ય કર્મચારીશ્રીને સોંપવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવે છે.**

૪. ઈતિહાસ વિભાગના તા.૦૩/૧૧/૨૦૨૩ વાળા પત્રથી આવેલ રજૂઆત બાબત.
(કબ્બડી રમવાગયેલ વિદ્યાર્થીની –બરાડીયા કુંજલ ધનજીભાઈ)

**ઠરાવ:૧૬** **યુનિવર્સિટીની કબ્બડીની ટીમમાં ભાગ લીધેલ હોઈ તથા ચાલુ રમત દરમ્યાન તેને ગંભીર ઈજા આવેલ હોઈ અને તે બાબતે વિદ્યાર્થીની બરાડીયા કુંજલ ધનજીની મેડિકલ રીએમ્બર્સ માટેની લેખિત રજૂઆત અત્રેને મળેલ હોઈ તેમજ વિદ્યાર્થીની આર્થિક પરિસ્થિતિ ધ્યાને લેતા વિશિષ્ટ કિસ્સામાં આ વિદ્યાર્થી પાસેથી બીલો મેળવી બીલોની રકમ અનુસાર અથવા વધુમાં વધુ રકમ ૫૦,૦૦૦/– ની મર્યાદામાં ઉકત વિદ્યાર્થીને આર્થિક મદદ કરવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવે છે.**

૫. તા.૧૨/૦૮/૨૦૨૩ની એક્ઝિક્યુટીવ કાઉનિસલના ઠરાવ નં.૯ ની ફેર વિચારણા બાબત

**ઠરાવ:૧૭** **તા.૧૨/૦૮/૨૦૨૩ની એક્ઝિક્યુટીવ કાઉનિસલના ઠરાવ નં.૯ અને સંબંધિત બાબતો અંગે તત્કાલિન માનનીય કુલપતિશ્રી દ્વારા જે–તે સમયે થયેલ નોંધ બાબતે પૂર્ણ વિચારણા કરી યુનિવર્સિટીઓના કર્મચારીઓની મૌખિક તથા લેખિક રજૂઆતને ધ્યાને લઈ થયેલ સજામાં ઘટાડો કરી ફકત એક સત્ર (એક પરીક્ષા) પૂરતી સજા ચાલુ રાખવાનું આથી સર્વાનુમતે ઠરાવવામાં આવે છે.**

૬. લોકસાહિત્ય કેન્દ્રના નિયામકશ્રીની આવેલ રજૂઆત બાબત.

**ઠરાવ:૧૮** **લોકસાહિત્ય કેન્દ્રના નિયામકશ્રીની આવેલ રજૂઆત હમીરજી રત્નુંની પ્રતિમાં મુકવા અનુસંધાને પ્રતિમાં લોકસાહિત્ય કેન્દ્રની આસ–પાસ મુકવાની સત્તા નિયામકશ્રીને આપવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવે છે.**

૭. પરીક્ષા નિયામકશ્રી દ્વારા રજૂ કરવામાં SOP બાબતે.

**ઠરાવ :૧૯** **AEC\ SEC\ VAC ના પેપર અસેસમેન્ટ પરીક્ષા કેન્દ્ર પર કરવા માટેની માર્ગદર્શિકા (SOP )પરીક્ષા નિયામકશ્રી દ્વારા રજૂ કરવામાં આવેલ છે. જે SOP સર્વાનુમતે મંજૂર રાખવાનું ઠરાવવામાં આવે છે.**

અન્ય કોઈ મુદ્દો ઉપસ્થિત ન થતાં અધ્યક્ષશ્રીના આભાર સાથે મિટીગ પૂર્ણ જાહેર કરવામાં આવી.

**કુલસચિવ**